सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૫/૦૬/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૪ |

**રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૭૭૫/૨૦૨૬.**
**આંકઃ ૦૮**

**અરજદાર/આરોપી.**

**(૧) રાહુલ સ/ઓ. ગણપતલાલ ભંવરલાલ ગહલોત, માલી**
ઉ.વ. ૩૧, વ્યવસાયઃ વેપાર
રહે. પીપાડ સીટી, વોર્ડ નંબર–૩૫,
તા. બિલાડા, જિલ્લો જોધપુર(રાજસ્થાન)

**(૨) ધનારામ ઉર્ફે દિનેશ સ/ઓ. જગતારામ/સંગ્રામજી ઉનાજી કલબી,**
ચૌધરી, ઉ.વ. ૪૨, વ્યવસાયઃ વેપાર
રહે. બિકાનવાસ ગામ, પીપલીયા વેરા નામની સીમમાં વાડીએ,
તા. ભીનમાલ, થાના: જશવંતપુરા,
જિલ્લો: જાલોર(રાજસ્થાન)
(**હાલઃ બન્ને સેન્ટ્રલ જેલ–રાજકોટ.**)

**–// વિરૂધ્ધ //–**

**સામાવાળા.**

**(૧) શ્રી સરકાર.**

**બાબત: બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર તરફે :– વિદ્વાન વકિલશ્રી સી.ડી.સાંકળીયા**
**સામાવાળા તરફે :– વિદ્વાન એ.પી.પી.શ્રી પી.કે.પટેલ**

---

**<u>ચુ કા દો</u> –**

**૧.** રાજકોટ શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૫૦૨૬૦૩૨૨/૨૦૨૬, બી.એન.એસ.ની કલમ–૩૧૬(૫) તથા ૩(૫) મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદાર/આરોપીઓએ હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

**૨.** આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

**3.** અરજદાર/આરોપીઓ તરફે વિદ્વાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપીઓ નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદાર/આરોપીઓને ખોટી રીતે સંડોવી દિધેલ છે. ધંધાકીય ટ્રાન્ઝેકશન છે. જેથી બી.એન.એસ.ની કલમ–૩૧૬(૫) લાગુ પડે નહી. ચાર વર્ષ પછી ફરીયાદ આપેલ છે. સીવીલ દાવો કરવો જોઇએ, જે સમય–મર્યાદામાં દાખલ થયેલ ન હોવાથી હાલની આ ખોટી ફરીયાદ કરેલ છે. અરજદાર/આરોપીઓનો કોઇ ગુનાહીત ઈતિહાસ નથી. અરજદાર/આરોપીઓ કયાય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપીઓ નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ ગંભીર પ્રકારનો ગુનો છે. હાલમા તપાસ ચાલુ છે. અરજદાર/આરોપીઓ વિરૂધ્ધના ગુનાની સજાની જોગવાઇ ધ્યાને લેતા અરજદાર/આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. તપાસ કરનાર અમલદારના સોગંદનામામાં જણાવ્યા મુજબ આ કામે અરજદાર/આરોપી નં.૧ તથા ૨ નાઓએ રેગ્યુલર જામીન અરજી કરેલ છે પરંતુ આ કામના અરજદાર/આરોપીઓ પોતાની મોરબી ખાતે આવેલ ભાગીદારી પેઢીના (દુકાન) પ્રોપરાઇટરના દરજ્જે વેપાર કરવા માટે "શ્રીજી ટ્રેડલિંક" નામની પેઢીમાંથી કટકે-કટકે કુલ રૂ.૩૩,૬૨,૬૨૫/- રૂપિયાનો બિલવાળો માલ તથા રૂપિયા ૧૦,૯૦,૭૩૬/- નો જાંગડ પેટે માલ એમ કૂલ રૂપિયા ૪૪,૫૩,૩૬૧/- નો માલ તથા ફરીયાદી અન્ય કંપનીના એજન્ટ હોય જે કંપનીમાંથી કૂલ ૩૩,૧૧,૬૬૧/- રૂપિયાનો માલ એમ મળી કુલ રૂપિયા ૭૭,૬૫,૦૨૨/- નો માલ-સામાન મેળવી ફરીયાદીને વિશ્વાસ અપાવવા કટકે-કટકે તા.૨૮/૧૨/૨૦૨૪ સુધીમાં રૂપિયા ૧૬,૫૬,૭૭૫/- ચૂકવી બાકીના નીકળતા માલ-સામાનના રૂપિયા ૬૧,૦૮,૨૪૭/- કે માલ-સામાન નહી આપી ફરીયાદી સાથે વિશ્વાસઘાત કરી એકબીજાને મદદગારી કરી ગુનો કરેલાનો આક્ષેપ છે. વધુમાં આ કામે તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લેતા હાલમાં ગુનાની તપાસ ચાલુ હોવાનુ જણાવેલ છે. આ કામે પોલીસ પેપર્સ વંચાણે લેતા આ કામના અરજદાર/આરોપીઓએ ભોગીદારી વાળી ચિલ્ડ્રનવેરની મોરબી શહેરમાં આવેલ અલગ-અલગ દુકાનો માટે

પ્રોપરાઈટરના નાતે અલગ–અલગ મુદતોની ક્રેડીટ ઉપર આ કામના ફરીયાદીને વિશ્વાસમાં લઈ સને–૨૦૨૫ સુધી લાખો રૂપિયાના માલ–સામાનની ખરીદી કરી અને ફરીયાદીના લેણા નિકળતા બાકી રૂા.૬૧,૦૮,૨૪૭/– કે ફરીયાદીનો માલ–સામાન પરત કર્યા વિના રાતો–રાત તમામ દુકાનોનો માલ–સામાન આઈશરમાં ભરી રાજસ્થાન ખાતે વતનમા લઈ ગયેલ અને બંને આરોપીઓએ ફરીયાદીને કહેલ કે, "તમારે જયાં જવુ હોય ત્યાં જાવ અને જે કરવુ હોય તે કરી લ્યો અમે બંનેમાંથી કોઈપણ રૂપિયા આપશુ નહી." તેવુ કહી ગુનો કરેલાનો આક્ષેપ છે. વધુમાં આ કામે હાલમાં ગુનાની તપાસ ચાલુ હોવાનુ તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લેતા જણાઈ આવે છે. જેથી હાલમાં ગુનાની તપાસ ચાલુ હોય અરજદાર/આરોપીઓની તરફેણમં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતુ નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–// **હુકમ** //–

૧. અરજદાર/આરોપીઓ ની હાલની અરજી આથી **"નામંજુર"** કરવામાં આવે છે.

હુકમ, આજ તારીખઃ ૧૫[મી], માહેઃ જુન, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૫/૦૬/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

**(વિજયસિંહ અભેસિંહ રાણા)**
સ્પે.જજ(પોકસો કોર્ટ) અને
અડીશ્નલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 01510)

*//VVK//*